**GUJARAT BILL NO. 34 OF 2019.**

# THE GUJARAT MICRO, SMALL AND MEDIUM ENTERPRISES (FACILITATION OF ESTABLISHMENT AND OPERATION) BILL, 2019.

## *A BILL*

*to provide for exemption from certain approvals and inspections for establishment and operation of the micro, small and medium enterprises in the state of Gujarat and matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૪.**

## ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વિધેયક, ૨૦૧૯.

***ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના સ્થાપન અને કામગીરીને અમુક મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ આપવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.***

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) અધિનિયમ, ૨૦૧૯ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે સન ૨૦૧૯ના ઓક્ટોબર મહિનાની ૨૪મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો:- વ્યાખ્યા.

(ક) “સ્વીકૃતિ પ્રમાણપત્ર” એટલે કલમ ૫ હેઠળ કાઢી આપેલું સ્વીકૃતિ પ્રમાણપત્ર;

(ખ) "મંજૂરી" એટલે ગુજરાત રાજ્યમાં ઉદ્યોગસાહસના સ્થાપન અથવા કામગીરી સાથે સંકળાયેલા કોઇ રાજ્ય કાયદા હેઠળ આવશ્યક કોઇ પરવાનગી, ના-વાંધા, ક્લીયરન્સ, સંમતિ, મંજૂરી, રજિસ્ટ્રેશન (નોંધણી), લાઈસન્સ અને તેના જેવી બીજી બાબતો;

(ગ) "સક્ષમ સત્તામંડળ" એટલે સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ, વૈધાનિક મંડળ, રાજ્યની માલિકીનું નિગમ, પંચાયતી રાજ સંસ્થા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળો, શહેરી સુધારણા ટ્રસ્ટ અથવા રાજ્યમાં ઉદ્યોગસાહસના સ્થાપન અથવા કામગીરી માટેની મંજૂરી આપવા અથવા કાઢી આપવા માટેની સત્તા અથવા જવાબદારી સોંપવામાં આવેલ હોય તેવું કોઈ રાજ્ય કાયદાથી અથવા તે હેઠળ રચાયેલ અથવા સ્થપાયેલ અથવા સરકારના વહીવટી નિયંત્રણ હેઠળનું કોઇ બીજું સત્તામંડળ અથવા એજન્સી;

(ઘ) "જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ (District Level Facilitation Committee) (DLFC)" એટલે ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૫ હેઠળ રચાયેલી જિલ્લા સ્તરની સરલીકરણ સમિતિ; સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૯મો.

(ચ) ''ઉદ્યોગસાહસ (એન્ટરપ્રાઇઝ)'' એટલે સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસ;

(છ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(જ) ''સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસ'' એટલે સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો વિકાસ અધિનિયમ, ૨૦૦૬માં વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેના સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો સન ૨૦૦૬નો ૨૭મો.

(ઝ) ''નોડલ એજન્સી'' એટલે કલમ ૩માં ઉલ્લેખેલી નોડલ એજન્સી;

(ટ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઠ) ''રાજ્ય'' એટલે ગુજરાત રાજ્ય;

(ડ) "એક-બારી સરલીકરણ સમિતિ (Single Window Facilitation Committee) (SWFC)" એટલે ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૬ હેઠળ રચાયેલી એક-બારી સરલીકરણ સમિતિ (Single Window Facilitation Committee) સમિતિ; સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૯મો.

(ઢ) ''અન્ડરટેકિંગ'' એટલે ઉદ્યોગસાહસ પાસેથી ઠરાવેલ પ્રારૂપમાં લેવાનો પત્ર જેમાં એવી બાંયધરી સમાવિષ્ટ હોય કે ઉદ્યોગસાહસ કાયદા દ્વારા ફરમાવ્યા પ્રમાણેના

યોગ્ય મજૂર કલ્યાણનાં પૂરતાં પગલાં, અગ્નિ સલામતીના અને પર્યાવરણીય પગલાં સુનિશ્ચિત કરશે.

સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૯મો.

૩. (૧) સરકારની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, ગુજરાત સિંગલ વિન્ડો ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૮ હેઠળ રચાયેલી રોકાણકાર સરલીકરણ એજન્સી (IFA), આ અધિનિયમના હેતુ માટે રાજ્ય સ્તરની નોડલ એજન્સી રહેશે. નોડલ એજન્સી.

(૨) સરકારની અને જિલ્લા સ્તરની સરલીકરણ એજન્સીને દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર (DIC) જિલ્લા સ્તરની નોડલ એજન્સી રહેશે.

૪. (૧) સરકારની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, નોડલ એજન્સીની સત્તા અને કાર્યો નીચે મુજબના રહેશેઃ- નોડલ એજન્સીની સત્તા અને કાર્યો.

(ક) રાજ્યમાં ઉદ્યોગોસાહસોની સ્થાપના માટે સહાય અને સગવડ આપવી; અને

(ખ) આ અધિનિયમ હેઠળ મળેલા ઈરાદાના એકરારના અને કાઢી આપવામાં આવેલા સ્વીકૃતિ પ્રમાણપત્રોના રેકર્ડની જાળવણી કરવી.

(૨) સરકાર, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા પોતાને યોગ્ય લાગે તેમ નોડલ એજન્સીઓને એવી બીજી સત્તા અને કાર્યો સોંપી શકશે.

૫. (૧) ઉદ્યોગસાહસ શરૂ કરવા ઈચ્છતી કોઈ વ્યક્તિ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે રાજ્ય સ્તરની નોડલ એજન્સીને, ઉદ્યોગસાહસ શરૂ કરવાના ઈરાદાનો એકરાર રજૂ કરી શકશે. એકરાર રજૂ કરવા બાબત.

**સ્પષ્ટીકરણ**:- આ અધિનિયમના આરંભ પહેલાં, કલમ ૨-ના ખંડ (ખ)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેની તમામ અથવા કોઈપણ મંજૂરી મેળવવા માટે સક્ષમ સત્તામંડળને અરજી કરેલ હોય તેવી કોઈ વ્યક્તિ, આ પેટા-કલમ હેઠળ ઉદ્યોગસાહસ શરૂ કરવાના ઈરાદાનો એકરાર રજૂ કરવાનો વિકલ્પ પણ લઈ શકશે.

(૨) ઇરાદાના એકરાર મળ્યેથી, રાજ્ય સ્તરની નોડલ એજન્સીએ, જેણે પેટા-કલમ (૧) હેઠળ એકરાર રજૂ કર્યો હોય તેવી વ્યક્તિને, તાત્કાલિક ઠરાવેલ નમૂનામાં સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે.

સ્વીકૃતિ પ્રમાણપત્ર-નો અમલ.

૬. (૧) કલમ ૫ હેઠળ કાઢી આપેલ સ્વીકૃતિ પ્રમાણપત્ર, તમામ હેતુઓ માટે જાણે કે તે કલમ ૨ ના ખંડ (ખ)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેની મંજૂરી હોય તેમ, તે કાઢી આપ્યાની તારીખથી ત્રણ વર્ષની મુદત માટે અમલી રહેશે અને ત્રણ વર્ષની સદરહુ મુદત પૂરી થયા પછી, ઉદ્યોગસાહસ(એન્ટરપ્રાઇઝ)-એ એવી મુદત પૂરી થયાની તારીખથી છ મહિનાની અંદર, કલમ ૨ ના ખંડ (ખ)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેની જરૂરી મંજૂરી મેળવવાની રહેશેઃ

પરંતુ ઉદ્યોગસાહસ(એન્ટરપ્રાઇઝ), સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર, સંબંધિત કાયદા હેઠળ જરૂરી પરવાનગી માટે અરજી કરી શકશેઃ

વધુમાં, સ્વીકૃતિ પ્રમાણપત્ર મળવાથી કોઇ વ્યક્તિ, જયાં માસ્ટર પ્લાન (મુખ્ય યોજના) અમલમાં હોય, ત્યાં તેવા પ્લાનમાં નિર્દિષ્ટ કરેલ ઉપયોગ સિવાયનો જમીનનો કોઇ ઉપયોગ કરવા હકદાર થશે નહિ:

વળી, સ્વીકૃતિ પ્રમાણપત્ર મળવાથી કોઇ વ્યક્તિ, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૬૫-ખ ના ખંડ(ખ)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો પ્રતિબંધિત કક્ષાઓ પૈકીનો જમીનનો ઉપયોગ કરવા પણ હકદાર થશે નહિઃ સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો .

વળી, કોઇ વ્યક્તિ કોઇ ખેતીની જમીન પર કોઇ ઉદ્યોગસાહસ શરૂ કરવા ઇચ્છતી હોય, તો તેવી જમીન, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૬૫-ખ ની જોગવાઇઓ હેઠળ બિન-ખેતીની જમીન ગણાશેઃ સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

પરંતુ તેમ છતાં, ઉદ્યોગસાહસને નીચે જણાવ્યા પ્રમાણે(અધિનિયમો/વટહુકમ)ની જોગવાઇઓમાં છૂટછાટ મળશે નહિ-

(૧) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૭૩-કક; સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

(૨) ગુજરાત ગણોતવહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની કલમો ૪૩ અને ૬૩-કક; સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(૩) ગુજરાત ગણોતવહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ની કલમો ૫૭ અને ૮૯ક; સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

(૪) સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોતવહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯ની કલમ ૫૫;

(૨) પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલી ત્રણ વર્ષની મુદત દરમિયાન, કલમ ૨-ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઇ મંજૂરીના સંબંધમાં અથવા તેના હેતુ માટે, કોઈપણ સક્ષમ સત્તામંડળે કોઇ નિરીક્ષણ હાથ ધરવું જોઈશે નહિ:

પરંતુ સંબંધિત કાયદા હેઠળ, ઉદ્યોગસાહસે જરૂરી પરવાનગી માટે અરજી કરેલી હોય તેવા કિસ્સામાં, સક્ષમ સત્તામંડળને સદરહુ ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન નિરીક્ષણ હાથ ધરવા માટેની સત્તા આપવામાં આવશે.

માફી.

૭. સરકાર અથવા તે હેઠળના કોઇ સત્તામંડળને, કોઇ કેન્દ્રીય અધિનિયમ હેઠળ તેને સંબંધિત હોય તેવી કોઇપણ મંજૂરી અથવા નિરીક્ષણ અથવા કોઇ જોગવાઇઓમાંથી કોઇ ઉદ્યોગસાહસોને માફી આપવાની સત્તા આપવામાં આવે, ત્યારે સરકાર અથવા યથાપ્રસંગ, આવું કોઇ સત્તામંડળ, આવા કેન્દ્રીય કાયદાની જોગવાઇઓને અધીન રહીને, કલમ ૫-ની પેટા-કલમ (૨) હેઠળ કાઢી આપવામાં આવેલ સ્વીકૃતિ પ્રમાણપત્ર કાઢી આપ્યાની તારીખથી ઓછામાં ઓછી ત્રણ વર્ષની મુદત માટે, રાજ્યમાં સ્થપાયેલ કોઇ ઉદ્યોગસાહસને આવી માફી આપવાની આવી સત્તા વાપરશે.

શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલાં પગલાંને રક્ષણ.

૮. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇપણ નિયમો હેઠળ, સરકાર અથવા નોડલ એજન્સી અથવા સક્ષમ સત્તામંડળ અથવા સરકાર, નોડલ એજન્સી અથવા સક્ષમ સત્તામંડળના કોઈ કર્મચારી સામે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા અથવા કરવા ધારેલા કોઇપણ કૃત્યના સંબંધમાં, કોઈપણ દાવો, ફોજદારી કાર્યવાહી ચલાવી શકાશે નહિ અથવા બીજી કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

અધિનિયમની બીજા કાયદા પર ઉપરવટ અસર હોવા બાબત.

૯. (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ રાજ્ય કાયદામાં તેની સાથે ગમે તે અસંગત હોય તેમ છતાં, આ અધિનિયમની જોગવાઇઓ અમલમાં રહેશે.

(૨) ખાસ કરીને અને આ અધિનિયમની પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેના અધિનિયમનોમાં તેની સાથે ગમે તે અસંગત હોય તેમ છતાં, આવી જોગવાઇઓ

અમલમાં રહેશે અને આ અધિનિયમનોની જોગવાઇઓ, આ અધિનિયમની જોગવાઇઓ અનુસાર સુધાર્યા પ્રમાણે વંચાણમાં લેવાશે:-

(ક) ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯; સન ૧૮૭૯નો મુંબઇનો ૫-મો.

(ખ) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮; સન ૧૯૪૮નો મુંબઇનો ૬૭મો.

(ગ) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯; સન ૧૯૪૯નો મુંબઇનો ૫૯મો.

(ઘ) સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯; સન ૧૯૪૯નો સૌરાષ્ટ્ર વટહુકમ ૪૧મો.

(ચ) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮; સન ૧૯૫૮નો મુંબઇનો ૯૯મો.

(છ) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩; સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(જ) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬; સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૨૭મો.

(ઝ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩. સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

અપવાદ. **૧૦.** કલમ ૭ની જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરનો, આ અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ કરી હોય તેટલે અંશે હોય તે સિવાય, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓ અથવા તે હેઠળ ઠરાવેલા કોઈ નિયમનકારી પગલાં અને ધોરણો લાગુ પડવામાંથી કોઈ ઉદ્યોગસાહસને મુક્તિ આપી છે એવો અર્થ થશે નહિ.

**૧૧.** (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, પૂર્વ-પ્રસિદ્ધિની શરતને અધીન રહેશે.

(૩) આ અધિનિયમ હેઠળ કરેલ તમામ નિયમો, તે કરવામાં આવે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તેની તરત પછીના સત્રમાં, રાજ્ય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફારો કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કોઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

**૧૨.** (૧) આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય, તો સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી લાગે તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે: મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

પરંતુ આ અધિનિયમના આરંભ(ની તારીખ)થી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આ કલમ હેઠળ આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનંડળ સમક્ષ મૂકવો જોઈશે.

સન ૨૦૧૯નો ગુજરાતનો વટહુકમ ૧લો. **૧૩.** (૧) ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા) બાબત વટહુકમ, ૨૦૧૯, આથી, રદ કરવામાં આવે છે. રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલું કોઇપણ કાર્ય અથવા લીધેલું કોઇપણ પગલું, આ અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ પર ઉદારીકરણ અને વૈશ્વીકરણનો હકારાત્મક પ્રભાવ છે. રોકાણને આકર્ષવા અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના સરકારના પ્રયત્નો છતાં પણ એવું અનુભવાયું છે કે સૌથી મહત્વના સુધારણા કરવાને લગતા પડકારો પૈકીનો એક પડકાર, વેપાર કરવાની સગવડમાં સુધારો કરવામાં રહેલો છે. આ હેતુને સુરક્ષિત કરવા માટે, રાજ્યમાં વેપારની પરિસ્થિતિના સુધારા માટેની ટૂંકી રૂપરેખા તૈયાર કરવી જરૂરી જણાતી હતી. રાજ્ય સરકારે, ઔદ્યોગિક ક્ષેત્રમાં સંભવિત રોકાણકારોના દ્રષ્ટિકોણથી ઉદ્યોગોની સ્થાપના માટે વિવિધ કાર્યરીતિઓના સરલીકરણ સંબંધિત પ્રવૃત્તિઓ હાથ ધરી છે.

રાજ્ય સરકાર, રાજ્યમાં રોકાણકારને અનુકૂળ વાતાવરણ ઊભું કરવાની બાબતમાં પ્રતિબદ્ધ છે. રોકાણને પ્રોત્સાહન આપવા અને ગુજરાત રાજ્યને રોકાણકાર માટે અનુકૂળ રાજ્ય બનાવવા માટે, છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણાં પગલાં લેવામાં આવ્યા છે અને તે માટે, ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોની સ્થાપના અને કામગીરી માટે ચોક્કસ મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ માટેની જોગવાઈ કરે તેવો કાયદો હોવાનું જરૂરી જણાય છે. ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) અધિનિયમ, ૨૦૧૯ની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે:

(૧) ઉદ્યોગસાહસ શરૂ કરવાનો ઈરાદો ધરાવતા કોઈ ઉદ્યોગસાહસિકે ‘ઈરાદાના એકરાર’ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે અને નોડલ એજન્સી દ્વારા તાત્કાલિક ઉદ્યોગ સાહસિકને ‘સ્વીકૃતિ પ્રમાણપત્ર’ કાઢી આપવામાં આવશે.

(૨) એવું મજબૂત તંત્ર તૈયાર કરવામાં આવશે કે જેથી કરીને પોર્ટલ પર માત્ર ‘ઈરાદાનો એકરાર’ ભરીને જ ઉદ્યોગસાહસિક તાત્કાલિક સ્વીકૃતિ પ્રમાણપત્ર ઓનલાઈન મેળવશે.

(૩) ઉદ્યોગસાહસને ત્રણ વર્ષ માટે મંજૂરી અને પરવાનગીમાંથી મુક્તિ આપવામાં આવશે.

(૪) ત્રણ વર્ષ પૂર્ણ થયા પછી, ઉદ્યોગસાહસે છ મહિનાની અંદર જરૂરી મંજૂરી મેળવવાની રહેશે.

સદરહુ અધિનિયમ, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનું અને રાજ્ય સરકાર દ્વારા રોકાણને કાર્યાન્વિત કરવાનું એક મુખ્ય પગલું રહેશે તથા રોકાણને સુલભ બનાવવા, નવીનીકરણને ઉત્તેજન આપવા અને રોજગારીની તકો વધારવા માટેનો તે મુખ્ય કાયદો રહેશે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વટહુકમ, ૨૦૧૯ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની કેટલીક મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:-

**કલમ ૧.-** આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

**કલમ ૩.-** આ કલમથી, નોડલ એજન્સીની રચના માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૪.-** આ કલમથી, નોડલ એજન્સીની સત્તા અને કાર્યો માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૫.-** આ કલમથી, સૂક્ષ્મ (Micro), લઘુ અથવા મધ્યમ ઉદ્યોગસાહસ શરૂ કરવા ઈચ્છતી કોઈ વ્યક્તિ દ્વારા ઈરાદાનો એકરાર રજૂ કરવા માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૬.-** આ કલમથી, અધિનિયમની કલમ ૨ ના ખંડ (ખ) હેઠળની મંજૂરી હોય તેમ, કાઢી આપેલા સ્વીકૃતિ પ્રમાણપત્રના અમલ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૭.-** આ કલમથી, રાજ્ય સરકાર અથવા કોઇ સત્તામંડળને, કોઇ કેન્દ્રીય અધિનિયમ હેઠળ તેને સંબંધિત હોય તેવી કોઇ મંજૂરી અથવા નિરીક્ષણ અથવા કોઇ જોગવાઇઓમાંથી કોઇ ઉદ્યોગસાહસોને માફી આપવાની સત્તા મળે છે.

**કલમ ૮.-** આ કલમથી, શુદ્ધબુદ્ધિપૂર્વક કરેલા કાર્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૯.-** આ કલમથી, અમુક રાજ્ય કાયદાઓમાંની અસંગત જોગવાઈઓના પ્રમાણમાં (અધિનિયમની) ઉપરવટ અસર માટેની જોગવાઇ કરી છે.

**કલમ ૧૦.-** આ કલમથી એવી જોગવાઈ કરી છે કે અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ કરી હોય તેટલે અંશે હોય તે સિવાય, તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓ લાગુ પાડી શકાશે નહિ.

**કલમ ૧૧.-** આ કલમથી, રાજ્ય સરકારને, પૂર્વ-પ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, *રાજપત્ર*માં જાહેરનામાથી, નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.-** આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના આરંભ(ની તારીખથી) બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

**સૌરભ પટેલ,**

## નાણાકીય યાદી

ગુજરાત સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસો (સ્થાપન અને કામગીરી સરળ બનાવવા બાબત) વિધયેક, ૨૦૧૯થી, ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (Micro), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોની સ્થાપના અને કામગીરી માટે ચોક્કસ મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ માટેની જોગવાઈ કરવા ધાર્યું છે. સુસંગત અધિનિયમોની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે વહીવટી માળખું અગાઉથી વિદ્યમાન (હયાત) છે અને તે જ રીતે તેને અધિનિયમિત કરી અને અમલમાં મૂકવામાં આવે, તો તેનાથી રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈ વધારાનો ખર્ચ થશે નહિ.

**સૌરભ પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૫.-** (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, ઉદ્યોગસાહસ શરૂ કરવા માટે રાજ્ય સ્તરની નોડલ એજન્સીને રજૂ કરવાના ઈરાદાના એકરારનો નમૂનો અને રીત, નિયમો દ્વારા ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, જેણે એકરાર રજૂ કર્યો હોય તેવી વ્યક્તિને, રાજ્ય સ્તરની નોડલ એજન્સીએ તાત્કાલિક કાઢી આપવાના સ્વીકૃતિ પ્રમાણપત્રનો નમૂનો, નિયમો દ્વારા ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૧.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, *રાજપત્ર*માં જાહેરનામાથી, નિયમો કરવાની સત્તા મળે છે.

**કલમ ૧૨.-** આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં બે વર્ષની મુદતની અંદર કોઈ મુશ્કેલી ઊભી થાય, તો રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, તે (મુશ્કેલી) દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૪થી ડિસેમ્બર, ૨૦૧૯. **સૌરભ પટેલ.**

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૪.]

ગુજરાત રાજ્યમાં સૂક્ષ્મ (**Micro**), લઘુ તથા મધ્યમ ઉદ્યોગસાહસોના સ્થાપન અને કામગીરીને અમુક મંજૂરી અને નિરીક્ષણમાંથી મુક્તિ આપવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

[શ્રી સૌરભ પટેલ,

ઊર્જા મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના ડિસેમ્બર મહિનાની ૪થી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE GUJARAT MICRO, SMALL AND MEDIUM ENTERPRISES (FACILITATION OF ESTABLISHMENT AND OPERATION) BILL, 2019.**

**GUJARAT BILL NO. 34 OF 2019.**

***A BILL***

*to provide for exemption from certain approvals and inspections for establishment and operation of the micro, small and medium enterprises in the State of Gujarat and matters connected therewith or incidental thereto.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**Short title, extent and commencement.**

**1.** **(**1) This Act may be called the Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Act, 2019.

(2) It extends to the whole of the State of Gujarat.

(3) It shall be deemed to have come into force on the 24th October, 2019.

Definitions.

**2.** In this Act, unless the context otherwise requires:-

(a) "Acknowledgement Certificate" means the acknowledgement certificate issued under section 5;

(b) "approval" means any permission, no-objection, clearance, consent, approval, registration, license and the like, required under any State Law in connection with the establishment or operation of an enterprise in the State of Gujarat;

(c) "Competent Authority" means any department or agency of the Government or local authority, statutory body, State owned corporation, Pancahyati Raj Institution, Municipality, Urban Development Authorities, Urban Improvement Trusts or any other authority or agency constituted or established by or under any State Law or under administrative control of the Government, which is entrusted with the powers or responsibilities to grant or issue approval for establishment or operation of an enterprise in the State;

(d) "District Level Facilitation Committee (DLFC)" means the District Level Facilitation Committee constituted under section 5 of the Gujarat Single window Clearances Act, 2017; **Guj. 29 of 2017.**

(e) "enterprise" means a micro, small or medium enterprise;

(f) "Government" means the Government of Gujarat;

(g) "micro, small or medium enterprise" means the Micro, Small or Medium Enterprises, as defined in the Micro, Small and Medium Enterprises Development Act, 2006; **27 of 2006.**

(h) "nodal agency" means the nodal agency referred to in section 3;

(i) "prescribed" means prescribed by rules made under this Act;

(j) "State" means the State of Gujarat;

(k) "Single Window Facilitation Committee (SWFC)" means the Single window Facilitation Committee constituted under section 6 of the Gujarat Single window Clearances Act, 2017;

**Guj. 29 of 2017.**

(l) "Undertaking" means a letter to be taken from enterprise under a prescribed format to include that the enterprise shall ensure appropriate labour welfare measures, adequate fire safety and environmental measures as required by the law.

**Nodal Agency.**

**3.** (1) Subject to superintendence, direction and control of the Government, the Investor Facilitation Agency (IFA) constituted under section 8 of the Gujarat Single window Clearances Act, 2017 shall be the State level Nodal Agency for the purposes of this Act.

**Guj. 29 of 2017.**

(2) Subject to superintendence, direction and control of the Government and the District Level Facilitation Committee, the District Industries Centre (DIC) shall be the District level Nodal Agency for the purposes of this Act.

**Powers and functions of nodal agencies.**

**4.** (1) Subject to the superintendence, direction and control of the Government, the powers and functions of the nodal agencies shall be as follows:-

(a) to assist and facilitate establishment of enterprises in the State; and

(b) to maintain the records of declaration of intent received and Acknowledgement Certificate issued under this Act.

(2) The Government may assign such other powers and functions to the nodal agencies as it may deem fit for giving effect to the provisions of this Act.

**Filing of Declaration.**

**5.** (1) Any person who intends to start an enterprise may furnish to the State level nodal agency a declaration of intent to start an enterprise in such form and in such manner as may be prescribed.

***Explanation.*** **-** Any person who has applied to the Competent Authority to obtain all or any of the approvals as referred to in clause (b) of section 2 before the commencement of this Act may also opt to furnish declaration of intent to start an enterprise under this sub-section.

(2) On receipt of a declaration of intent, the State level nodal agency shall, forthwith, issue an Acknowledgment Certificate, in the prescribed form to the person who furnished the declaration under sub-section (1).

**Effect of the Acknowledgment Certificate.**

**6.** (1) An Acknowledgment Certificate issued under section 5 shall for all purposes, have effect as if it is an approval as referred to in clause (b) of section 2, for a period of three years from the date of its issuance and after the expiry of the said period of three years, the enterprise shall have to obtain required approval as referred to in clause (b) of section 2 within six months from the date of such expiry:

Provided that the enterprise may apply for necessary permission under the respective laws within a period of three years from the date of issuance of acknowledgment certificate:

Provided further that such Acknowledgement Certificate shall not entitle a person to use a land in deviation to the land use specified in the master plan wherever such plan is in force:

Provided also that the Acknowledgement Certificate shall not entitle a person to use the land falling in restricted category as specified in clause (b) of section 65B of the Gujarat Land Revenue Code, 1879: **Bom. V of 1879.**

Provided also that any agricultural land on which a person wishes to start an enterprise shall be deemed to be a non-agricultural land under the provisions of section 65B of the Gujarat Land Revenue Code, 1879: **Bom. V of 1879.**

Provided however that the relaxation shall not be given to the enterprise from the provisions of-

Bom. V of 1879. (i) section 73AA of the Gujarat Land Revenue Code, 1879;

Bom. LXVII of 1948. (ii) sections 43 and 63AA of the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948;

Bom. XCIX of 1958. (iii) sections 57 and 89A of the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958;

Sau. Ord. XLI of 1949. (iv) section 55 of the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance, 1949.

(2) During the period of three years as specified in sub-section (1), no competent authority shall undertake any inspection for the purpose of or in connection with, any approval as defined in clause (b) of section 2:

Provided that the competent authority shall be empowered to undertake an inspection during the said period of three years in cases where the enterprise has applied for necessary permission under the respective laws within a period of three years from the date of issuance of acknowledgment certificate.

**Exemption.**

**7.** Where the Government or any authority under it is empowered to exempt any enterprises from any approval or inspection or any provisions relating thereto under any Central Act, the Government or, as the case may be, any such authority shall, subject to the provisions of such Central Act, exercise such powers to grant such exemption to an enterprise established in the State for at least a period of three years from the date of issue of the acknowledgement certificate issued under sub-section (2) of section 5.

**Protection of action taken in good faith.**

**8.** No suit prosecution or other legal proceedings shall lie against the Government or Nodal Agency or Competent Authority or any employee of the Government, Nodal Agency or Competent Authority in respect of anything which is done or intended to be done in good faith under this Act or

any rules made thereunder.

**Act to override other laws.**

**9.** (1) The provisions of this Act shall have effect, notwithstanding anything inconsistent therewith contained in any other State law, for the time being in force.

(2) In particular and without prejudice to the generality of the foregoing provisions of this Act, such provisions shall have effect notwithstanding anything inconsistent therewith contained in the following enactments and the provisions of these enactments shall be read as amended in conformity with the provisions of this Act, namely:-

(a) the Gujarat Land Revenue Code, 1879; **Bom. V of 1879.**

(b) the Gujarat Tenancy and Agricultural Lands Act, 1948; **Bom. LXVII of 1948.**

(c) the Gujarat Provincial Municipal Corporations Act, 1949; **Bom. LIX of 1949.**

(d) the Saurashtra Gharkhed, Tenancy Settlement and Agricultural Lands Ordinance 1949; **Sau. Ord. XLI of 1949.**

(e) the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958; **Bom. XCIX of 1958.**

(f) the Gujarat Municipalities Act, 1963; **Guj. 34 of 1964.**

(g) the Gujarat Town Planning and Urban Development Act, 1976; **President's Act 27 of 1976.**

(h) the Gujarat Panchayats Act, 1993. **Guj. 18 of 1993.**

**Savings.**

**10.** Subject to the provisions of section 7, nothing in this Act shall be construed as exempting any enterprise from the application of the provisions of any law for the time being in force, or any regulatory measures and standards prescribed thereunder, except to the extent expressly provided in this Act.

**Power to make rules.**

**11.** (1) The State Government may, by notification in the *Official Gazette,* make rules for carrying out the purposes of this Act.

(2) All rules made under this Act shall be subject to the condition of previous publication.

(3) All rules made under this Act shall be laid for not less than thirty days

before the State Legislature as soon as may be after they are made and shall be subject to rescission by the State Legislature or to such modifications as the State Legislature may make during the session in which they are so laid or session immediately following.

(4) Any rescission or modification so made by the State Legislature shall be published in the *Official Gazette*, and shall thereupon take effect.

**12.** (1) If any difficulty arises in giving effect to the provisions of this Act, the Government may, by order published in the *Official Gazette*, make such provisions not inconsistent with the provisions of this Act, as may appear to it to be necessary for removing the difficulty: **Power to remove difficulties.**

Provided that no such order under this section shall be made after the expiry of a period of two years from the commencement of this Act.

(2) Every order made under sub-section (1) shall be laid, as soon as may be, after it is made before the State Legislature.

**13.** (1) The Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Ordinance, 2019 is hereby repealed. **Repeal and savings.**

**Guj. Ord. 1 of 2019.**

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the said Ordinance, shall be deemed to have been done or taken under this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

Liberalization and globalization have positive impact on the industrial development in the State. Despite Government's efforts to attract investment and promote industries, it is experienced that one of the most critical reform challenges lies in improving the ease of doing business. With a view to secure this objective, it was considered necessary to prepare a blue-print for betterment of the business environment in the State. The State Government has taken up the activities related to simplification of various procedures for establishment of industries from the view point of prospective investors in the Industrial Sector.

The State Government is committed towards creating an investor friendly atmosphere in the State. Many steps have been taken in the past few years to promote investment and make the State of Gujarat investor friendly State and for that it is considered necessary to have a law which shall provide for exemption from certain approvals and inspections for establishment and operation of the micro, small and medium enterprises in the State of Gujarat. The salient features of the Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Act, 2019 are as under:

(1) any entrepreneur who intends to start an enterprise shall apply online for 'Declaration of Intent' and an 'Acknowledgment Certificate' shall be issued immediately to the entrepreneur by the Nodal Agency.

(2) by putting in place a robust mechanism whereby just filling 'Declaration of Intent' on the portal, the entrepreneur shall get Acknowledgment Certificate immediately online.

(3) the enterprise shall be exempted from the approvals and clearances for three years.

(4) after expiry of three years, the enterprise shall have to obtain required approvals within six months.

The said Act shall be the major step to promote entrepreneurship and materialize investment by the State Government and it would be a major law to facilitate investment, foster innovation and increase employment opportunities.

As the Legislative Assembly of the State of Gujarat was not in session, at that time, the Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Ordinance, 2019 was promulgated to achieve the aforesaid objects. This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

The following notes on clauses explain, in brief, some of the important provisions of the Bill:-

***Clause 1.-*** This clause provides for short title, extent and commencement of the Act.

***Clause 2.-*** This clause defines certain terms used in the Bill.

***Clause 3.-*** This clause provides for the constitution of the Nodal Agency.

***Clause 4.-*** This clause provides for powers and functions of the Nodal Agency.

***Clause 5.-*** This clause provides for filing of a declaration of intent by any person who intends to start a micro, small or medium enterprise.

***Clause 6.-*** This clause provides for the effect of the acknowledgement Certificate issued as if it is an approval under clause (b) of section 2 of the Act.

***Clause 7.-*** This clause empowers the State Government or any authority to exempt any enterprises from any approval or inspection or any provisions relating thereto under any Central Act.

***Clauses 8.-*** This clause provides for usual indemnity for acts done in good faith.

***Clause 9.-*** This clause provides for overriding effect to the extent of inconsistent provisions in the certain State Laws.

***Clause 10.-*** This clause provides that the application of the provisions of any law for time being in force shall not affect except to the extent expressly provided in the Act.

***Clause 11.-*** This clause empowers the State Government to make rules by notification in the *Official Gazette*, for carrying out the purposes of this Act, subject to the condition of the previous publication.

***Clause 12.-*** This clause empowers the State Government to remove difficulties arising within a period of two years from the commencement of the Act.

**SAURABH PATEL,**

## FINANCIAL MEMORANDUM

The Gujarat Micro, Small and Medium Enterprises (Facilitation of Establishment and Operation) Bill, 2019 seeks to provide for exemption from certain approvals and inspections for establishment and operation of the micro, small and medium enterprises in the State of Gujarat. The administrative set up already exists for carrying into effect the provisions of the relevant Acts and as such, if the same is enacted and brought into force, it would not involve any additional expenditure from the Consolidated Fund of the State.

**SAURABH PATEL,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of legislative powers in the following respects:-

***Clause 5.-*** (i) Sub-clause (1) of this clause empowers the State Government to prescribe by rules, the form and the manner in which a declaration of intent may be furnished by the State level Nodal Agency to start an enterprise;

(ii) sub-clause (2) of this clause empowers the State Government to prescribe by rules, the Form in which an Acknowledgement Certificate shall be issued forthwith by the State level Nodal Agency to the person who furnished the declaration of intent.

***Clause 11.-*** Sub-clause (1) of this clause empowers the State Government to make, by notification in the *Official Gazette*, rules for carrying out the purposes of the Act.

***Clause 12.-*** Sub-clause (1) of this clause empowers the State Government to remove by an order published in the *Official Gazette,* any difficulty if arise in giving effect to the provisions of this Act within a period of two years.

The delegation of legislative powers as aforesaid is necessary and is of a normal character.

Dated the 4th December, 2019. **SAURABH PATEL.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARATBILL NO. 34 OF 2019.**

***A BILL***

*to provide for exemption from certain approvals and inspections for establishment and operation of the micro, small and medium enterprises in the State of Gujarat and matters connected therewith or incidental thereto.*

**[ SHRI SAURABH PATEL,**
**MINISTER FOR ENERGY ]**

**( As published in the Gujarat Government Gazette of the 4th December, 2019)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**